ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૧૦-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

એક અને અનન્ય નેતા તરીકે ઊપસતા મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણા અને મહારાષ્ટ્ર બેઉ રાજયોમાં ભાજપ સરકારની રચના માટેનાં ચક્રો ગતિમાન કરી દીધાં છે. હકીકતમાં ભારતીય જનતા પાર્ટીમાં હવે મોદીનું એકચક્રી શાસન શરૂ થઇ ગયું છે. જેમ સંગઠનમાં પોતાની પસંદગીના ગુજરાતી નેતા અમિત શાહને તમામ પ્રકારના અવરોધો વચ્ચે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ગોઠવી દીધા હતા, તે જ સ્ટાઇલમાં એમણે પહેલી જ વાર ભાજપ હસ્તક આવેલા દેશના સૌથી સમૃદ્ધ રાજયો પૈકીના એક એવા હરિયાણામાં જૂના સંઘપ્રચારક મનોહરલાલ ખટ્ટર પર પસંદગી ઉતારીને બધાને આશ્ચર્યચકિત કરી મૂક્યા છે. મોદી ક્યારે શું કરશે એનો ખ્યાલ એમના સહયોગીઓને પણ આવવા દેતા નથી. રાજયનીતિ શાસ્ત્રના આ અભ્યાસી નેતાઓ અગાઉ પણ અનેક મુદ્દે કોઇને પૂછવાનીય તસ્દી લીધા વગર મન મુતાસિક નિર્ણયો લીધા છે. હરિયાણામાં પોતાના બળ પર ઊપસી આવવાનું ભાજપને સ્વપ્ને પણ કલ્પી શકે એમ નહોતો. અગાઉ વાજપેયી સરકાર વખતે ઓમપ્રકાશ ચૌટાલાના લોકદળ સાથે ગઠબંધન સરકાર બની હતી એમાં પણ ભાજપ તો હાંસિયે મુકાયેલો પક્ષ હતો. 'ચલો ચલેં મોદી કે સાથ' સૂત્ર સાથે આ વખતે ભાજપ એકલા હાથે ચૂંટણી લડીને નેવું બેઠકોવાળી વિધાનસભામાં ૪૭ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી શક્યો તેની પાછળ માત્ર મોદીનો કરિશ્મા જ પડેલો છે. કેપ્ટન અભિમન્યુ જેવા કર્મઠ કાર્યકર્તાઓ કે અગાઉ 'લાલા પાર્ટી' તરીકે ઓળખાતા કેસરિયા પક્ષના પ્રદેશ પ્રમુખ રામવિલાસ શર્મા જેવા જૂના જોગીઓ ઉપરાંત કોંગ્રેસ છોડીને આવેલા વીરેન્દ્રસિંહ જેવા જાટ નેતા ઉપરાંત કોંગ્રેસની સામે પડી ગયેલાં અંબાલાના ભૂતપૂર્વ સાંસદ વિનોદ શર્મા સહિતના અનેક અનુભવી નેતાઓ હુક્કાની ગાદી ખાલી થવાની કાગડોળે પ્રતીક્ષા કરી રહ્યા હતા. ત્યાં ઓચિંતુ જ એક નવું નામ સત્તાની રેસમાં આવી જતાં બધાની એક સાથે બોલતી જ બંધ થઇ ગઇ છે. હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી લડનારાં કેન્દ્રીય મંત્રી સુષ્મા સ્વરાજનાં બહેન વંદના શર્મા ચૂંટણી હારી ગયાં છે. આમ મોદી એક સાથે અનેક મોરચે એકમેવ નેતા તરીકે ઊપસી રહ્યા છે. હરિયાણાને જાતિવાદ અને પરિવારવાદમાંથી મુક્ત કરવાની મોદીની અપીલને ભારે પ્રતિસાદ સાંપડ્યો છે, અને તેઓએ બંસીલાલ, ભજનલાલ - દેવીલાલના આયારામ-ગયારામ બ્રાન્ડ રાજકારણને એક રાષ્ટ્રીય દિશા આપી છે, મનોહરલાલ ખટ્ટર કરનાલથી ચૂંટાયેલા જૂના સંઘી છે, અને મોદીના વિશ્વાસુ સાથી છે. વર્ષો પછી હરિયાણાને જાતિ-પરિવારવાદથી પર એવો એક સ્વચ્છ ઇમેજ ધરાવતો સૂત્રધાર સાંપડી રહ્યો છે. આપણે એમને શુભેચ્છા પાઠવીએ.

કલાત્મક સર્જનશીલતા એક એવી સાધના છે જે સિદ્ધિ તરફ દોરી જાય છે : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે કલાત્મક સર્જનશીલતા એક એવી સાધના છે જે કલાકારને સિદ્ધિ તરફ દોરી જાય છે. રત્નકલાકારો પણ બેનમૂન કલાકારીગરીના સાધકો છે, જેમની પાસે અપાર કલાની શક્તિ છે.

રાજ્યપાલશ્રી આજે અમદાવાદમાં જ્વેલર્સ એસોસિએશન, અમદાવાદ દ્વારા યોજવામાં આવેલ 'સ્વર્ણ ઉત્સવ'ના કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે જેમ-જ્વેલરી ઉદ્યોગ એક કમ્પોઝીટ વ્યાપાર-ઉદ્યોગ છે, જેમાં વ્યાપારીઓ-કારીગરો-ડિઝાઈનરો તથા ઉદ્યોગકારો એક બીજાથી ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. આ ઉદ્યોગે ભારતમાં સારી પ્રગતિ કરી છે, સાથે-સાથે વિદેશોમાં પણ અજોડ કલાત્મક આભૂષણો માટે જાણીતો બન્યો છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સમૃદ્ધ કલા-સંસ્કૃતિ તથા વિકાસ માટે પ્રખ્યાત છે. ગુજરાતના લોકોમાં ઉદ્યોગ સાહસિકતા સમાયેલી છે. ગુજરાતના લોકો વિદેશોમાં વસ્યા છે અને ત્યાં તેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. જેના કારણે આજે વિદેશોમાં ગુજરાત પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે અને રાજ્યમાં વ્યાપાર-ઉદ્યોગના વિકાસની અવિરત વૃદ્ધિ થઈ છે. આ ઉદ્યોગે પણ ગુજરાતનું નામ વિદેશોમાં રોશન કર્યું છે, જે ખૂબ આવકારદાયક છે.

તેમણે એસોસિએશને વ્યાપાર-ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકાર સાથે સકારાત્મક અભિગમ રાખી જે પ્રયાસો કર્યા છે, તેને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે એસોસિએશનના પ્રમુખ શ્રી શાંતિભાઈ પટેલે તથા શ્રી સોમાભાઈ મોદીએ પ્રાસંગિક ઉદ્બોધનો કર્યા હતા. પ્રારંભમાં રાજ્યપાલશ્રીએ એસોસિએશન દ્વારા યોજવામાં આવેલ પ્રદર્શનને નિહાળ્યું હતું. આ પ્રસંગે એસોસિએશનના સભ્યો તથા જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

હે લક્ષ્મીજી, આમની પાર્ટી કે જેમાં તમારી કૃપા હતી, હવે તેમાંથી જ જીવન ચલાવી લઇશું... પણ હવે એમને કામ જ જોઇએ છે એટલે તેમને ખાવા ન દે તેવી પાર્ટીમાં પણ કોઇ સ્થાન મળે તેવા આશીર્વાદ આપજો મા... !

રાંધેજામાં જિલ્લા યુવા મહોત્સવની ઉજવણી કરાઇ

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી તથા જિલ્લા વ્યાયામ મંડળ, ગાંધીનગર દ્વારા જે.એસ. પટેલ વિદ્યામંદિર, રાંધેજા ખાતે ૪૭ મા યુવા મહોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

યુવા મહોત્સવનું ઉદ્ઘાટન જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડનાં હસ્તે કરવામાં આવ્યું. યુવા મહોત્સવના પ્રારંભમાં એસ.એમ. બારડ તથા રાંધેજા કેળવણી મંડળના પ્રમુખ નટવરભાઈ કે. પટેલ દ્વારા યુવાનોમાં પડેલી સુશુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે તેમને જાગૃત કરવામાં આવ્યા.

આ યુવા મહોત્સવમાં જિલ્લાના ૯ જૂથની શાળાઓ વચ્ચે તમામ વિભાગની કુલ ૩૩ સ્પર્ધાની હરિફાઈ યોજવામાં આવી હતી. આ તમામ સ્પર્ધામાંથી જે.એસ. પટેલ વિદ્યામંદિરે કુલ ૧૦ સ્પર્ધાઓમાં જીત હાંસલ કરીને શાળા તથા રાંધેજા ગામનું નામ રોશન કર્યું હતું. શાળાની જીત બદલ આચાર્ય એસ.જી. પટેલે રાંધેજાના યુવા મહોત્સવમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકો, શાળા પરિવાર તથા અન્ય સહયોગીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

સરદાર પટેલ વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૦

૬૦મા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી નિમિત્તે લેખન કવીઝ સ્પર્ધા તાજેતરમાં વનસંશોધન સંકુલ, બોરીજ સે-૨૦ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગાંધીનગરની સમગ્ર શાળાઓએ ભાગ લીધેલ.જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સે-૭ ગાંધીનગરના ધો-૧૦ના વિદ્યાર્થી ભરવાડ જયેશ હરીભાઈએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

વિદ્યાર્થીઓની યાદ શકિત વધારવા લાફીંગ તથા વ્યસનમુકિત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેકટર-૭, ગાંધીનગર ખાતેના તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સ્ટાફને વી-કેર ફાઉન્ડેશન દ્વારા તા. ૧૭-૧૦-૨૦૧૪ને શુક્રવારના રોજ યોગ, પ્રાણાયામ, આસન તથા ધ્યાનના વિવિધ નિદર્શન દ્વારા તેનું મહત્વ પ્રાયોગિક અને સૈદ્ધાંતિક રીતે સમજાવ્યું હતું. જીવનમાં ઈશ્વર, માતા પિતા તથા ગુરુનું શું યોગદાન છે તેનું વર્ણન કર્યું હતું. પર્યાવરણ, વ્યસનમુકિત, અને બેટી બચાવોના વિષયો પર ખૂબ જ ગહન, ચિંતન અને મનન કરાવ્યું હતું અને વિદ્યાર્થીઓને ગુટકા, પાનમસાલા, બીડી સિગારેટ કેટલા હાનિકારક છે તેની સમજ આપી હતી અને વ્યસન મુકિત માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. છેલ્લે ધ્યાન કરાવી વિદ્યાર્થીઓને તનાવમુકત બનાવી અભ્યાસમાં વધુ સારું પરિણામ લાવવા માટેની ટીપ્સ આપી હતી. આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ રસપૂર્વક સમગ્ર કાર્યક્રમ માણ્યો હતો જેનું આયોજન સી.એસ. પટેલે કર્યું હતું તથા સંચાલન જે.સી. પટેલે કર્યું હતું.

ગાંધીનગરની રાષ્ટ્રીય કક્ષાએ ખેલકુદમાં સિધ્ધી

ગાંધીનગર, તા.૨૦

બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) ગાંધીનગરના વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસમાં જ નહિ, પરંતુ ઉત્તર પ્રવૃત્તિઓમાં પણ અગ્ર છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫નાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના વાર્ષિક રમતોત્સવમાં યુનિ.ની તમામ કોલેજોનાં સ્પર્ધકોને રસાકસી ભરેલી સ્પર્ધામાં મ્હાત આપી બીબીએ કોલેજના સેમેસ્ટર-૩માં અભ્યાસ કરતા કુ. મૈથિલી ભટ્ટ તરણ સ્પર્ધા તેમજ સેમેસ્ટર-૫માં અભ્યાસ કરતા કુ. જયોત્સના પરમાર તેમજ દિપ પંચાલ ચેસમાં નેશનલ ઝોન ઓલ ઈન્ડિયા સ્પોર્ટસ ફેસ્ટીવલ દ્વારા ટુંક સમયમાં યોજાનાર નેશનલ સ્પોર્ટસ કોમ્પિટીશન માટે પસંદગી પામ્યા છે. આ સિધ્ધી બદલ કોલેજનાં બિન શૈક્ષણિક તથા શૈક્ષણિક સ્ટાફ તેમજ પ્રિન્સીપાલ પ્રો.ડૉ. રમાકાન્ત પુષ્ટી દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

નાગર પરિષદ જીવનસાથી પસંદગી સંમેલન યોજશે

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર ગુજરાત નાગર પરિષદ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે. તા. ૪ જાન્યુઆરી-૨૦૧૫ માં અમદાવાદ ખાતે સંમેલન યોજવામાં આવનાર છે. સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતિઓએ તા. ૨૦ ડિસેમ્બર-૧૪ પહેલા આવેદનપત્રો નરેશચંદ્ર રામપ્રસાદ રાજા, ૪૫૮ જેઠાભાઈની પોળ ખાડિયા ખાતે મોકલી આપવા સંસ્થાના પ્રમુખ નરેશ રાજા, અરૂણ બુચ (ગાંધીનગર) અને ધર્મેન્દ્ર દેસાઈએ જણાવ્યુ છે.

ખરણા વિદ્યાલયની સુવર્ણ જયંતિ મનાવવામાં આવી

ખરણા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી શા.અ.ભા. પટેલ વિદ્યાલયની સ્વર્ણિમ જયંતિ મહોત્સવ મનાવવામાં આવ્યો હતો. શાળાના પટાંગણમાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજયા હતા. આ પ્રસંગે ગૃહ રાજયમંત્રી રજની પટેલ, માણસા ધારાસભ્ય અમિત ચૌધરી, માર્ગ મકાન મંત્રી નીતિન પટેલ, નરહરિ અમીન, કેળવણી મંડળના મંત્રી કનુભાઈ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વડનગરના શ્રી સિપોર કેળવણી મંડળ દ્વારા બૃહદ સ્નેહ સેતુ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

મહેસાણાના વડનગર સ્થિત શ્રી સિપોર કેળવણી મંડળ દ્વારા આગામી ૨૬મી ઓકટોબર ૨૦૧૪ને રવિવારના રોજ શં.મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય સિપોર ખાતે સવારે ૯થી ૫ સુધી સમાજના અલગ અલગ ક્ષેત્રમાં સમર્પિત વિશિષ્ટ અને દિલેર પ્રતિભાઓને એકત્રિત કરવા 'બૃહદ સ્નેહ સેતુ સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારંભના પ્રમુખ તરીકે મુંબઈના ઉદ્યોગપતિ અનિલભાઈ ડી. ત્રિવેદી, ઉદઘાટક તરીકે સાંસદ લીલાધર વાઘેલા મુખ્ય મહેમાન પદે સાંસદ દિલીપભાઈ પંડયા, પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, ભરતસિંહ ડાભી, જયંતિભાઈ પટેલ, લક્ષ્મણભાઈ મિસ્ત્રી, નરોતમભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં કોમ્યુનિટિ હોલનું ખાત મૂહૂર્ત જગદીશભાઈ ઠાકોર અને નટુભાઈ ઠાકોરના હસ્તે કરવામાં આવશે. સવારે ૯ થી ૧૨ કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના સ્વાગત પરિચય, ખાતમૂહૂર્ત, પ્રવચન અને પ્રસાદી બાદમાં બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ખુલ્લી ચર્ચા બેઠક યોજાશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.

વી કેર ફાઉન્ડેશન દ્વારા ગરીબોને મીઠાઈ વિતરણ

વીકેર ફાઉન્ડેશન દ્વારા શહેરમાં વિવિધ પ્રકારની માનવ સહાયક કામગીરી કરવામાં આવે છે. તા. ૨૨મીના રોજ ગરીબોને ઘરે ઘરે રૂબરૂમાં પહોંચી દિવાળી નિમિત્તે મીઠાઈનું વિતરણ કરવામાં આવનાર છે. ગરીબ પરિવારોએ મીઠાઈ વિતરણનો લાભ લેવા જણાવેલ છે.

આ વખતે તો આપણે પણ સ્વંયને દીવાની જેમ પ્રગટાવીને આ તહેવારને કંઇક અનોખી રીતે માણવાનો પ્રયાસ કરીએ!

વિચારસભા
નવલા વર્ષનો નવો-સંકલ્પ
નેહલ જયદીપ ગઢવી

તહેવારોની મોસમ અત્યારે પૂરબહારમાં ખીલી છે. ઘરની સજાવટ, રંગરોગાન કરાવવા તેમજ સાફ-સફાઇ કરવી વગેરે કાર્યો દ્વારા કોઇએ દિવાળીના આગમનની તૈયારીઓ પોત-પોતાની રીતે કરી છે. અત્યારે ઋતુચક્રમાં પણ ફેરફાર થઇ ચુક્યો છે. કાળઝાળ ગરમીથી થોડી રાહત થઇ ખરી! જો કે બપોરના સમયે તડકો હજુ પણ એટલો જ તીવ્ર લાગે છે. પરંતુ, પરોઢિયે તેમ જ રાત્રીના સમયે શિયાળાનો અહેસાસ કરાવતો શીત મંદ-મંદ પવન ધીમા પગલે પ્રવેશી રહ્યો છે. કવિશ્રી ત્રિભુવન વ્યાસના શબ્દોમાં કહીએ, તો,

"વર્ષાની વાદળીઓમાં થઇ
શરદ તણે નિર્મળ જળ ન્હાતો,
શારદ-લક્ષ્મીની વીણામાં ગીત અભિનંદનનાં ગાતો,
અન્નકૂટના ધર્મ ઉજવતો -
શિયાળો આવ્યો સૂસવતો...."

આમ તો અત્યરે શિયાળાની ઠંડક અને બપોરના તીખા તડકાને કારણે લોકોમાં શરદી-ખાંસી તેમજ તાવનું પ્રમાણ થોડું વધ્યું છે, પરંતુ તહેવારના દિવસોમાં બિમાર બનીને બેસી રહેવું કોને ગમે! એટલે યોગ્ય ઉપચાર કરીને પણ લોકો તહેવારને માણવા સજ્જ બની જ જાય છે. તહેવારોએ આપણી આ એકધારી જિંદગીને થોડો વિરામ આપે છે. આપણે કાર્ય કરવા માટે ફરીથી સજ્જ બની જઇએ છીએ. મોંઘવારીની મહામારીની અસર થોડીઘણી વર્તાય ખરી પણ છતાંય જીવનની તમામ તકલીફોને અવગણીને આપણે વધુમાં વધુ આનંદ મેળવી શકીએ છીએ એ રીતે પ્રયત્નશીલ રહ્યા જ કરતાં હોઇએ છીએ, તેનું જ તો નામ છે જિંદગી! જાણીતા લેખિકા કાજલ ઓઝા - વૈદ્ય લખે છે કે,

"જેની સાથે લડી શકાય ઝગડી શકાય, ફરિયાદ કરી શકાય, આંખમાં આંખ નાંખીને જોઇ શકાય, જેનો વિરોધ કરી શકાય, છતાં જેને સ્વીકારવી જ પડે, જેને ધિક્કારી શકાય છતાં જેના વિના ના જ ચાલે એ જ જિંદગી!"

તહેવારો આપણી આ મશીન જિંદગીને રિચાર્જ કરવાનો રામબાણ ઉપાય છે. અને તેમાંય દિવાળીનો ઉત્સવ, તેની ઝાકમઝોળ તો કંઇક ઓર જ હોય છે. દિવાળી એટલે વર્ષભરના રાગ-દ્વેષને ભૂલી જઇ અને પરસ્પરને સમજવાનો અને પામવાનો વધુ એક પ્રયાસ! દિવાળી એટલે દિપ પ્રાગટ્યની સાથે સાથે અંતર આત્માની જ્યોતિના પ્રાગટ્યનો ઉત્સવ! દિવાળી એટલે ઘરની સાફ-સફાઇની સાથે-સાથે સંબંધો પર ચડી ગયેલી આપણી વ્યસ્ત જીવનશૈલીરૂપી ધૂળને ખંખેરી નાખવાનો અમૂલ્ય અવસર. તહેવારો આપણા જીવનમાં વધી રહેલી કટુતા અને વેર-ભાવનાને ભૂલી પ્રેમથી ફરી એકબીજાને મળવાની વધુ એક તક મળે છે. તો વળી, તન-મન અને જીવન સાજ-સજાવટથી સજ્જ બની સદ્ભાવનાનું મીઠું સંગીત રેલાવે છે. ખુશીઓની ખુશ્બુ ચોમેર પ્રસરી જાય છે અને તૃપ્તિની આભા સજીવસૃષ્ટિને નવજીવન બક્ષી દે છે. કવિ અનિલ ચાવડા લખે છે.

"લ્યો આવી ગઇ દિવાળી
દર વર્ષે આવે તેમ,
આ વખતે સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
સૌની ભીતર પડ્યો હોય છે
એક ચમકતો હીરો,
ચલો શોધીએ ભીંતર જઇને
ખુદની તેજ-લકીરો;
ભીતર ભર્યું જ છે અજવાળું ના ઝળહળીએ કેમ?"

આવો, આ વખતે તો આપણે પણ સ્વંયને દીવાની જેમ પ્રગટાવીને આ તહેવારને કંઇક અનોખી રીતે માણવાનો પ્રયાસ કરીએ! આપણે ઘણીવાર જીવનની હતાશ તેમજ નિરાશ બનીને હિંમત ખોઇ બેસીએ છીએ. ભગવાન શ્રીરામચંદ્રના વનવાસ બાદ તેમના રાજયઅભિષેકના આનંદનું આ પર્વ દીપોત્સવી તરીકે ઉજવવામાં આવે છે. પૂર્ણ પુરૂષોત્તમ રાજકુમારના શ્રીરામચંદ્રને બીજા દિવસે રોજ ગાદી પર બેસી ચક્રવર્તી રાજા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાનું હતું તે જ સમયે વિધિની વક્રતાએ તેમને ચૌદ વર્ષના વનવાસ માટે પ્રસ્થાન કરવાનું સૂચવ્યું, પરંતુ, દુષ્ટનો અને અનિષ્ટનો નાશ કરી તેઓ વર્ષોની તપશ્ચર્યા બાદ રાજગાદી પામ્યા.

ઉત્સવો કેવળ પંચાંગમાં વંચાતા નથી અસ્તિત્વમાં ઉજવાય છે. એ તારીખિયાના પાને ઉજવેલા ઉત્સવોની યાદ સતત તાજી થતી રહે છે. સમય વીતે છે, ઉંમર વધે છે ત્યારે અગાઉના વર્ષોમાં ઉજવાયેલા તહેવારોની યાદ જાણે વધુ તીવ્ર બને છે. વચ્ચે ઘણું-ઘણું વીસરાઇ પણ ગયું છે, પણ પાછા પર્વો આવે ત્યારે આ સઘળુંય સ્મૃતિની શેરીમાં જાણે તોરણ બનીને ટીંગવા લાગે છે, સ્મરણના સાથિયા પૂરાય છે. ઝાકળના બિંદુઓમાં પણ સ્મૃતિને નવપલ્લિત કરી શક્યાનું કેવું ગજબનું સામર્થ્ય છે! દિવાળી એટલે કોડિયું, રંગોળી, ફટાકડા, નવા વસ્ત્રો, મિઠાઇ આ બધું તો ખરૂં જ, પણ જે દિવાળી આપણા મનનું રૂપાંતર કરી આપે એ જ ખરા અર્થમાં આત્મજ્યોતિના પ્રાગટ્યને અજવાળી શકે! અને જો એવું બંને તો ત્યાર-બાદ જીવનના પ્રત્યેક ઉગતા દિવસને પ્રકાશનું પર્વ બનાવી શકાય! બાકી જો આમ ન બને તો અમાસે તો આકાશમાંથી અંધારા જ ઉતરે છે. અમાસની આ રાત્રી એટલે મનુષ્યોની દિવાળી. કવિ બાલમુકુંદ દવે અમાસની આ રાત્રીને કંઇક આ રીતે વર્ણવે છે.

"રમણે ચડેલ આજ ભાળી
મધરાત મેં તો રમણે ચડેલ આજ ભાળી;
સુખિયાં સંજોગિયાં તો ઘૂંઘાળી નીંદમાં
શાના જુએ તને કાળી?
બળતી આંખલડીએ બેસી વિખૂટાં બે
ચકવાને ચકવીને ભાળી!
મધરાત આજ રમણે ચડેલ મેંય ભાળી!"

અમાસની રાત્રીએ મનુષ્યની દિવાળી અને પૂનમના દિવસે દેવની દિવાળી! અમાસથી પૂનમ સુધીની યાત્રા, સાંસારિકતાની ભગવત્તા સુધીના આ યાત્રા એટલે જ તહેવારોનાં આ દિવસો.

'સર્વે ભવન્તુ સુખિનઃ' - એટલે કે માત્ર આપણું નહીં પરંતુ આ આખાય જગતનું કલ્યાણ થાય તેઓ સંકલ્પ કરીએ! મંદિરની સખત દિવાલોમાં કેદ થયેલા પરમાત્માને મુક્તિનો અહેસાસ કરાવીએ કે જેથી દરિદ્રનારાયણોના દ્વાર સુધી આ સિક્યોરીટીથી ઘેરાયેલો પરમાત્માને પહોંચાડી શકીએ! અન્નકૂટના પ્રસાદની પાવતીઓ ફાડવાને બદલે ફૂટપાથ પર સૂતેલો ભૂખ્યા માનવીના પેટમાં જઇ તેને તૃપ્તિનો ઓડકાર અપાવી શકે તો પરમાત્મા કેવો રાજીનો રેડ થાય? પ્રત્યેક ઘરમાં પુરાતી રંગોળીના રંગો કેવા ખીલી ઊઠે? સૌના આંગણ કેવા પાવનકારી બને? બહારના કોડિયા તો બુઝાઇ જશે પણ ભીતર એક જે જ્યોતિ ઝળહળી રહી છે તેનું શું? ભીતર રહેલું આ કોડિયું બીનબાતી અને બીન તેલ બળી રહ્યું છે. ખરેખર જો એનું અજવાળું શોધી શકાય તો એના અજવાળે જીવન અને જન્મો ઝળહળી ઊઠે! બસ, જરૂર છે માત્ર આપણામાં એક વૈચારિક પરિવર્તન કરવાની અને જો આ ક્રાંતિ આપણે આણી શકીએ તો નવા વર્ષનું નવલું પ્રભાત નવપલ્લવિત બની સોળે કળાએ જીવનને ખીલવી શકશે! તો આવો, સૌ સાથે મળીને આ દિશામાં પ્રયત્ન કરવાનો સંકલ્પ લઇએ!

"દુઃખી ને દર્દીઓ કોઇ, ભૂલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.
અતિ ઉજાસ કરનારા, તિમિરનો નાશ કરનારા
કિરણને આપવા સારું, ઉઘાડી રાખજો બારી.
થયેલા દુષ્ટ કર્મોનાં, છૂટા જંજીરથી થાવ
જરા સત્કર્મની ન્હાની ઉઘાડી રાખજો બારી."

- પ્રભાશંકર પટ્ટણી